આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૩૧-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## રાષ્ટ્રીય પોષણ માસ-આજથી પ્રારંભ

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આજે ગાંધીનગરથી સાતમાં "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણીનો દેશવ્યાપી પ્રારંભ કરાવશે. મહાત્મા મંદિરમાં યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણ કરાશે અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરાશે. પોષણ માસ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ થીમ પર અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## પોલીસ-સાયબર સુરક્ષિત ગુજરાત

ગુજરાત વાઇબ્રન્ટ સમિટમાં બ્રિટિશ હાઇ કમિશન સાથે ગુજરાત પોલીસના સાયબર સેલ વિભાગ દ્વારા ખાસ એમઓયુ કરવામાં આવ્યા હતા. સાયબર ક્ષેત્રમાં બ્રિટિશ હાઇ કમિશન અને રાજ્ય સરકારના સાયબર સેલ વચ્ચે સાયબર સુરક્ષિત ગુજરાત નામના એક કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## વરસાદ

રાજ્યમાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદ બાદ ગઈકાલથી વરસાદનું જોર ઘટી ગયું છે.. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં 60 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે..જેમાં સૌથી વધુ વરસાદ કચ્છમાં થયો છે.

બીજી તરફ, હવામાન વિભાગે આગામી પાંચ દિવસ વરસાદનું પ્રમાણ ઘટવાની આગાહી કરી છે..તેમજ આજે કચ્છ,જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદરમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જ્યારે મોરબી, રાજકોટ, જૂનાગઢ, ગીરસોમનાથમાં  વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે મધ્ય,ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની કોઇ ચેતવણી આપી નથી..

**(RNU અમદાવાદ)**

---

## વરસાદ-સગર્ભા બહેનોની કાળજી

ગુજરાતના મોટાભાગના જિલ્લામાં વરસાદના વિરામ બાદ પુનઃસ્થાપનની કામગીરી સાથે સફાઈ અભિયાન અને આરોગ્યલક્ષી કામગીરી યુધ્ધના ધોરણે શરૂ થઇ ગઇ છે..

રાજ્યમાં રાહત બચાવની મુખ્ય કામગીરીમાં કચ્છ જિલ્લામાં ૩૬૬ જેટલી સગર્ભા બહેનોમાંથી ૫૨ સગર્ભા બહેનોની પ્રસૂતિ તારીખ નજીક હોવાથી યોગ્ય કાળજી લઇ શકાય તે માટે નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવી છે. માંડવી, અબડાસા, મુન્દ્રા અને ભુજ તાલુકામાં નીચાણવાળા તથા કાચા મકાન ધરાવતા ૮૦૦ નાગરીકોનું સ્થળાંતર કરીને સલામત સ્થળે આશ્રય આપવામાં આવ્યો છે. આ તમામ નાગરિકો માટે સામાજિક સંસ્થાઓની સહાયથી ફૂડ પેકેટ વિતરણ કરાયા છે.

**(RNU અમદાવાદ)**

---

## પર્યુષણ પર્વનો પ્રારંભ

જૈનોના પર્યુષણ પર્વનો આજથી આરંભ થયો છે. જૈનો આજથી આઠ દિવસ દરમ્યાન કઠોર તપસ્યા ઉપવાસ કરશે. જિનાલયોને ભવ્ય રીતે શણગારવામાં આવ્યા છે.આંગી દર્શન અને અન્ય ધાર્મિક કાર્યક્રમોથી વાતાવરણ ગાજતુ રહેશે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## રોહાતળ-આજુબાજુના ગામો કોલેરાગ્રસ્ત જાહેર

મુખ્ય જિલ્લા આરોગ્ય, અધિકારી, જિલ્લા પંચાયત કચ્છ દ્વારા તા.૨૯ ઓગષ્ટ થી આગામી તા.૨૮મી સપ્ટેમ્બર સુધી મોટી રોહાતળ તથા મોટી રોહાતળ ગામથી ૧૦ કિ.મી. ત્રિજયામાં આવતા ગામોને કોલેરાગ્રસ્ત જાહેર કરવામાં  છે. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ વિવિધ કલમો હેઠળ જાહેરનામુ જાહેર જાહેર કર્યુ છે.

**(આરતી ભટ્ટ/માહિતી ખાતુ)**

---

## આંગણવાડી કેન્દ્રો-ફાયર સેફ્ટીથી સજ્જ

કચ્છના આંગણવાડી કેન્દ્રોને ફાયર સેફ્ટીથી  સજ્જ કરાયા  છે. ત્યારે આઈ.સી.ડી.એસ. દ્વારા બાળકો,સગર્ભા માતાઓ,ધાત્રી માતાઓ,કિશોરીઓ માટે વિવિધ યોજનાઓનું અમલીકરણઆંગણવાડી કેન્દ્ર મારફતે કરવામાં આવી રહ્યું છે. સાવચેતીના ભાગરૂપે કચ્છ જિલ્લામાં ચાલતા આંગણવાડીકેન્દ્રોમાં જરૂર જણાય ત્યાં રીફીલીંગ તેમજ ફાયર સેફ્ટીના નવા યંત્રોથી તમામ કેન્દ્રોને સજ્જ કરવામાં આવ્યા હતા

**(આરતી ભટ્ટ/માહિતી ખાતુ)**

---

# જિલ્લામાં ચાંદીપુરા અટકાવવાના પગલા

હાલમાં વિષમ વાતાવરણ દરમિયાન ગરમ અને ભેજવાળી હવાના કારણે વાઈરલ ચાંદીપુરાના કેસની સંખ્યા વધવાની સંભાવના વચ્ચે આ રોગને અટકાવવા માટે જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રોમાં શંકાસ્પદ ચાંદીપુરા રોગના વાહકજન્ય "સેન્ડફ્લાય"નિયંત્રણના પગલા લેવામાં આવ્યા હતા.

આ રોગના વાહક સેન્ડફ્લાય નામની માખીને જુના માટીના મકાનો દીવાલોની તિરાડોમાં જોવા મળતી હોય છે તેથી તિરાડો પુરવામાં આવી હતી. આંગણવાડી કેન્દ્રોમાં સ્વચ્છતા રાખવામાં આવી હતી અને જમા થયેલ દુષિત પાણીનો યોગ્ય નિકાલ આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવ્યો હતો.

**(આરતી ભટ્ટ/માહિતી ખાતુ)**

------------------------------------------------------------------------